# ગઝલ

## સંદીપ પુજારા

### .1.

થાય જો રડવાનું મન, કેવળ રડી લેવાનું હોય;
એના અથવામાં બીજું તો શું કરી લેવાનું હોય?

'કેમ છે'? એ બે જ શબ્દો પ્રાણ છે સંબંધનો,
હું ભુલી જઉં તો મને તારે પુછી લેવાનું હોય.

છે ખબર પાક્કી જ કે હારી જવાનું છે છતાં;
જો રમત ગમતી મળે તો બસ, રમી લેવાનું હોય.

થાક પણ આખા દીવસનો એક પળમાં ઉતરે,
ઘેર જઈ બાળકના મસ્તકને ચુમી લેવાનું હોય.

એમનો ઠપકોય મંદીરની પ્રસાદી લાગશે,
બા કહે ને, એ તો બધ્ધું સાંભળી લેવાનું હોય.

જીવતાં જો આવડે તો જીન્દગી ક્ષણ ક્ષણમાં છે,
શ્વાસ ને ઉચ્છ્વાસ વચ્ચે પણ જીવી લેવાનું હોય.

### .2.

જેણે જવાબ સ્મીત ધરી આપવા નથી,
એને સવાલ મારે કોઈ પુછવા નથી.

પુસ્તકની જેમ ફાટે એ સંબંધને હવે,
પુંઠા ચડાવી, સાચવીને રાખવા નથી.

ઓચીંતુ યાદ આવે હવે કોઈ, તો ભલે;
પણ ભાર દઈને કોઈને સંભારવા નથી.

યુદ્ધે ચડાવવા નથી મારે ફરીને, તો
જખ્મી થયેલ શબ્દને રુઝાવવા નથી

આંસુથી જેને ધોવા પડે રોજ ઉઠીને,
રાત્રે એ સ્વપ્ન આંખે કદી આંજવાં નથી.

## .3.

જામી છે હોડ એવી દસેદસમાં, સ્પર્શવા,
લાગે છે, આંગળીથી છુટાં પડશે ટેરવાં.

મત્લા, રદીફ, કાફીયા, મકતા ને શેરીયત;
રાખું છું જોને હુંય વ્યસન કેવાં અવનવાં!

કાગળ આ કોરો તેં જ મને મોકલ્યો હશે,
જીદે ચડે ન હોઠ, અમસ્તા જ ચુમવા.

દોલત છે પ્રેમની ને તીજોરીયે ખુલ્લી છે,
હીંમત જો હોય, આવી શકો છો એ લુંટવા.

લખતો રહું છું રોજ ગઝલમાં જે નામ હું,
કંકોતરીએ જીદ કરી છે એ જ છાપવા.

## .4.

એક જ વીચારે દર્દમાં પણ હું નથી રડ્યો,
વૃક્ષોને પાનખરમાં મલમ કોઈએ ધર્યો?

બુદ્ધીનો છે પ્રકાશ, જે આંખોય આંજી દે;
સારુ થયું કે એટલું, એવું ન હું ભણ્યો.

વીશ્વાસનો છે વાંસ, જે પકડીને ચાલું છું;
સચ્ચાઈ કેરા દોરડેથી હું નથી પડ્યો.

છે કેટલાય ખેલ અને એય અટપટા,
સ્વીકારી ક્યાં છે હાર? ભલે ના કદી જીત્યો!

ખેંચીને કોઈને કદી, ક્યાં ખીણ લઈ ગઈ;
થાક્યો જે અડધે રસ્તે, એ પર્વતને ના ગમ્યો.

## .5.

પ્રેમમાં, શું પાપ જેવું હોય છે?
ના મળે, તો શ્રાપ જેવું હોય છે.

શું કરું ? જો હેડકી તમને ચડે.,
મારે મન તો જાપ જેવું હોય છે.

થાક એવા સંબંધોનો લાગશે,
સ્નેહમાં, જ્યાં માપ જેવું હોય છે.

એ હ્રદયની હું કરું પુજા કે જે,
દીકરીના બાપ જેવું હોય છે.

જીન્દગી સૌ કોઈની, સંગીત છે;
કાવ્યમાં આલાપ જેવું હોય છે.

## .6.

સાવ મુરઝાયેલી ઈચ્છાઓ સુધી પહોંચી ગયો,
આજ તો વરસાદ સાલો એ રીતે વરસી ગયો.

એમ એ વળગી પડ્યો જાણે કે અડધું અંગ હો,
હુંય વીતેલા સમયને પ્રેમથી પરણી ગયો.

એક કે બે હોય તો ઈલાજ એનો થઈ શકે,
ઝંખનાનો આખેઆખો મધપુડો ડંખી ગયો.

દુરથી જેને નીહાળી નાચવાનું મન થયું,
એ જ માણસ મારું સરનામું મને પુછી ગયો.

જે રમતમાં, મેં કદી નાદારી નોંધાવી હતી,
કોણ જાણે એ જ રમવા આજ હું દોડી ગયો.

'એક હુંફાળો જવાબ આવી જશે'ની આશમાં,
પ્રશ્ન ખુદ સળગીને છેલ્લે રાખ થઈ ઉડી ગયો.

## .7.

તું મળે ત્યારે જ આવું થાય છે,
જીન્દગીમાં જીન્દગી દેખાય છે.

દોડીને ખારાશને ભેટે નદી,
એટલે માતા સમી પુજાય છે.

અંગ અડધું આપવાનું આમ તો,
આમ કન્યાદાન જે કહેવાય છે.

એ જ મંદીર, એ જ છે મસ્જીદ, પણ;
બાળકોમાં રામ છે, અલ્લાય છે.

એ રીતે પણ તું મને જોઈ શકે,
મારો ચહેરો મારા શબ્દોમાંય છે.

## .8.

સાવે મફતમાં સૌને સલાહો અપાય છે,
તારા હૃદયને પુછ, અમલમાં મુકાય છે ?

આ પ્રેમ છે, ને પ્રેમની વ્યાખ્યા લખું છું તો;
'પ્રેમ એટલે કે પ્રેમ' બસ એવું લખાય છે.

એવું નથી સદાય કે પ્રશ્નો જ દોષી હોય,
મુંઝવણ વધારે એવા જવાબો ઘણાય છે.

કેવાં છે માન એનાં જુઓ સુખ–દુ:ખમાં,
બંને પ્રસંગે આંસુનો શણગાર થાય છે.

શબ્દોનું આગમન એ બીજું કાંઈ પણ નથી,
સ્વાગત છે કોઈનું કે કોઈની વીદાય છે.

## .9.

નથી જાવું, નથી જાવું કરીને એ જતા રહેશે,
ગમે તેવા હો દીવસો પણ સરીને એ જતા રહેશે.

દુ:ખોને કેમ તું માથે ઉપાડીને ફરે કાયમ?
દબાવી રાખ પગ નીચે, ડરીને એ જતા રહેશે.

સમય થોડોક તારો ફક્ત માંગે માવતર ઘરડાં,
તું આપે કે ન આપે, કરગરીને એ જતાં રહેશે.

જીવનની વારતા લખવા કલમ ન સોંપ બીજાને,
બને એવુંય, કેવળ આદરીને એ જતા રહેશે.

ન કર ગુમાન તારા આંગણે બે ફુલ ખીલ્યાંનું,
લગાવે લાખ તું પહેરા; ખરીને એ જતાં રહેશે.

## .10.

ખમે છે ભાર જે મારો, હું એ કણકણનો ઋણી છું,
છતાં માતા–પીતા, શીક્ષક વીશેષ એ ત્રણનો ઋણી છું

મળ્યું વર્ષો પછી તો જળ, મને અમૃત લાગ્યું છે;
તરસ મારી વધારી છે સતત એ રણનો ઋણી છું.

ભલે છુટાંછવાયાં છે છતાં, રેખાને જોડે જે;
સીધી લીટીમાં રહેનારાં એ બીંદુ ગણનો ઋણી છું.

કહ્યું'તું જેમણે કે એ મને કંઈ પણ નહીં આપે,
રહી છે આબરુ તો એમના ‘કંઈ પણ'નો ઋણી છું.

મેં ચાહી જીન્દગીને, મોતનોયે દબદબો રાખીશ;
મને મૃત્યુ સમીપે લઈ જતી હર ક્ષણનો ઋણી છું.

## .11.

નથી અમસ્તું સાવ, જીવતાં જીવી જવાયું છે,
મરણને રોજ પાછું વાળતાં જીવી જવાયું છે.

વીચારતો જીવન વીશે, તો દુર ભાગતું'તું એ,
પછી વીચારશુન્ય થઈ જતાં જીવી જવાયું છે.

બનીને મજનુ જીન્દગીને લૈલા સમજી છે સદા,
મીલન જુદાઈ બેઉ માણતાં જીવી જવાયું છે.

કદીય પાનખરમાં વૃક્ષને મળ્યો નથી મલમ,
મેં ખુદને એક વૃક્ષ ધારતાં જીવી જવાયું છે.

જગતમાં કોઈએ તો યાદ પણ કર્યો નથી મને,
છતાં, મેં ભુલવાનું શીખતાં જીવી જવાયું છે.

સંદીપ પુજારા

કવીસમ્પર્ક:

સંદીપ બી પુજારા, 202-અક્ષત ફ્લેટ્સ, 31-વીહાર સોસાયટી-1, વાળીનાથ ચોક, વેડ રોડ, સુરત-395 004. eMail: spujara19@gmail.com મોબાઈલ : 8849603904 / 9727517438

ફેસબુક: https://www.facebook.com/sandip.pujara
બ્લોગ: https://spujara.wordpress.com/

♦●♦

'સન્ડે ઈ.મહેફીલ'ના આ અંકના અતીથી સમ્પાદકો સુરતના યુવાગઝલકાર ભાઈ
શ્રી ગૌરાંગ ઠાકર (gaurang_charu@yahoo.com) અને ભાઈ
શ્રી સુનીલ શાહ (sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર. .ઉત્તમ.મધુ ગજ્જર.

♦●♦

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ : ચૌદમું – અંક : 409 – September 23, 2018
'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન : સુનીલ શાહ - sunilshah101@gmail.com

♦●♦

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,55,67,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 1,08,95,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 10,29,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

More than 11,07,000 have visited Global-Gujaratilexicon
http://global.gujaratilexicon.com

@@@@@@@@@